આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૧/૧૧/૨૦૨૪ થી તા.૧૭/૧૧/૨૦૨૪ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ): ચાલુ વીકમાં જીવનસાથી તરફથી ભેટ કે લાભની શક્યતા છે. વીમા કે વારસાનાં કામમાં પ્રગતિ થાય. આરોગ્ય માટે ચોક્કસ રહેવું પડશે. સગાં-સંબંધીઓનો સાથ મળે. લાંબી કે પરદેશની મુસાફરીની યોજના પાર પડે. સાહિત્ય મિડિયા, શિક્ષણ ક્ષેત્રે તક મળે. પાણીથી દૂર રહેવું. માન-અપમાનની ભાવનાથી પ્રગતિમાં વિલંબ થાય. પુત્રી સંતાનની ચિંતા સતાવે. શેર, સટ્ટા, લોટરીથી લાભ થાય. સ્ત્રી મિત્રોનો સાથ મળે.

વૃષભ (બ,વ,ઉ): સપ્તાહ દરમિયાન દાંપત્યજીવનમાં પ્રપંચનો અનુભવ થાય. ભાગીદારીની મિટીંગમાં તાલમેળ ઓછો રહે. રોજના કામનો કંટાળો આવે. આંખ, માથાનો દુખાવો અને પેટની સમસ્યા સતાવે. અચાનક ધન લાભ કે ઉધરાણી આવવાથી રાહત થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. તીર્થયાત્રા, ધાર્મિક પુસ્તકો, પ્રકાશન, લેખનને સંલગ્નને ભાગ્યનો સાથ મળે. જાહેર જીવનમાં સફળતા મળે. સ્ત્રી વર્ગથી સાવધાન.

મિથુન (ક,છ,ઘ): ચાલુ વીકમાં માતા અને મોસાળ પક્ષ સાથે વિવાદ ટાળવો. માતાના આરોગ્યની ચિંતા વધે. આરોગ્ય નરમગરમ રહે. વિજાતિય મિત્રો સાથે ગેરસમજ પેદા થાય. દાંપત્યજીવન રંગીન બને. રંગીન અને રસિક મુલાકાત થાય. પ્રેમમાં વિવાહનો પ્રસ્તાવ આવે. કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. જાહેર જીવનમાં સાવધાન રહેવું. ભાગીદારીમાં પ્રગતિ થાય. અચાનક ધનલાભ તથા વિદેશનાં કામમાં પ્રગતિ થાય. સંબંધીઓની મદદ મળે.

કર્ક (ડ,હ): સપ્તાહ દરમિયાન શેર, સટ્ટા, લોટરી, જુગાર વાયદામાં લાભ થઈ શકે છે. જીવનસાથી અને સંતાનોનો સાથ મળવાથી સામાજિક કાર્ય સરળ બનશે. વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણનું માર્ગદર્શન મળે. વિજાતિય મિત્રો સાથે ગેરસમજ પ્રપંચ પેદા કરશે. પ્રેમમાં વિઘ્નો આવે. સ્વાર્થી મિત્રોથી સાવધાન રહેવું. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. સ્ત્રી મિત્રો અને પ્રિયજનો વચ્ચે પીસાવાનું બને. લાગણીથી દૂર રહેવું.

સિંહ (મ,ટ): ચાલુ વીકમાં સ્થાનફેર કે સ્થળાંતર નોકરીમાં થાય. નવાં ઘર, જમીન, ખેતી, વાહન માટેના પ્રશ્નો સતાવે. કુટુંબજીવન પ્રપંચ રહે. બહારના કામનો બોજ વધે. વિદ્યાર્થીઓને ઘરના વાતાવરણથી દૂર ભાગવાનું મન થાય. વિદ્યાભ્યાસમાં વિઘ્નો આવે. મિત્રો સાથે વિવાદ થાય. જીવનસાથી-સંતાનોના કામમાં મદદ મળે. નોકરીમાં હરીફો પરેશાન કરશે. ભાગીદારીના કામમાં વિઘ્નો આવે. કુટુંબજીવનમાં અશાંતિ રહે.

કન્યા (પ,ઠ,ણ): ચાલુ વીકમાં હરીફાઈનો અનુભવ થાય. ઉપરી વર્ગને પ્રભાવિત કરવાની તક મળે. કલા, સાહિત્ય, સંગીત, લેખન, શિક્ષણ, ટેકનોલોજી, દલાલી જેવાં કામ પાર પડશે. આર્થિક બાબતે અચાનક તક મળે. આવક વધારવાના પ્રયત્નો સફળ રહે. જમીન, ખેતી અને વારસા કે માતાને લગતી સમસ્યાનું સમાધાન થાય. પ્રેમમાં નિરાશા કે વધુ પડતી લાગણીના કારણે ગરબડ થાય. નોકરીમાં નવી જવાબદારી સાથે તક મળે.

તુલા (ર,ત): સપ્તાહ દરમિયાન આર્થિક બચતની યોજના પાર પડે તથા વારસાગત ધંધામાં નવી તક મળે. પરિવારની સમસ્યાનું સમાધાન થાય. ઉધરાણીની ચિંતા રહે. નવા કામની કસોટીનો સામનો કે વિપરીત અને નવા વાતવરણમાં કામ કરવાની તક મળે. ભાઈ-બહેન મિત્રોને મદદરૂપ બનશો. દાંપત્યજીવન અશાંત બને. રોમેન્ટીક પ્રવાસ થાય. બહારના કામનો બોજ વધશે. પ્રેમ-પ્રકરણો અશાંત બને. મિત્રોનો સાથ મળે.

વૃશ્ચિક (ન,ય): ચાલુ વીકમાં ભાગ્યનો સાથ મળશે. પ્રવાસનાં શોખીનોને સુંદર જગ્યાએ જવાનું બને. મનગમતાં લોકોને મળવાનું થાય. રંગીન અને રસિક બનશો. પણ લાગણીશીલ બનવાથી નુકસાન થાય. ખાણી-પીણીના ધંધામાં લાભ થાય અને ખાવા-પીવાનાં શોખીનોને સ્વાદિષ્ટ ભોજનનો લહાવો મળે. ઉધરાણી આવે. વારસાથી અચાનક લાભ થાય. અટકેલા કામમાં ગતિ આવે. સમાજ કે કાર્યક્ષેત્રે તમારો પ્રભાવ વધે. નવી તક મળે.

ધન (ભ,ધ,ફ,ઢ): ચાલુ સપ્તાહમાં આરોગ્યને લઈને કામમાં વિલંબ થાય. વિદેશ પ્રવાસનાં કામ થાય. સમાજસેવાથી શાંત મળે. કોઈની વાતોમાં નિર્ણય બદલવા નહીં. હરીફાઈયુક્ત વાતાવરણમાં પ્રગતિ થાય. નોકરીના ઈન્ટરવ્યુમાં સફળતા મળે. કુટુંબ પરીક્ષા સાથે સામાજિક કાર્યમાં મિલન- મુલાકાત થાય. રોમેન્ટીક મુલાકાત થાય. પ્રેમમાં સાથ મળે. વાણી પર કાબૂ રાખવો. આવક વધારવાની તક મળશે. પ્રવાસ થાય.

મકર (ખ, જ): ચાલુ વીકમાં જીવનપધ્ધતિમાં ફેરફાર કે બદલાવ આવશે. સામાજિક પ્રવૃત્તિમાં જોડાવાનું થાય. મિત્રો સાથે મનોરંજન થાય. નવાં મિત્રોથી સાવધાન રહેવું. સંતાનોની પ્રગતિ થાય. શેર બજારમાં તક મળે. વિદેશ પ્રવાસ, સમાજસેવા, કોર્ટ, કચેરી જેવા કામમાં મદદ મળે. વધુ પડતાં શોખીન અને રંગીન લોકોની પ્રતિષ્ઠા દાવ પર લાગી શકે છે. માટે વ્યવહારમાં સભાનતા રાખવી.

કુંભ (ગ,સ,શ,ષ): ચાલુ વીકમાં ઈચ્છિત તક મળે. ખાસ નોકરીમાં અનુકૂળતા વધે કે નવી જવાબદારી સાથે સ્થાનફેર થાય. સ્વતંત્ર ધંધામાં આવક વધે. નવા સોદા પાર પડે. પુત્રી સંતાનથી શાંતિ મળે. અચાનક મિલન-મુલાકાત થાય. શેર બજારનાં કામ થાય. પ્રેમ વિવાહની શક્યતા વધી શકે છે. પોલીસ લફરાંથી બચવું. વિદેશનાં કામમાં મદદ મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં પ્રતિકૂળતા રહે. ધીરજ રાખવી.

મીન (દ,ચ,ઝ,થ): સપ્તાહ દરમિયાન બીજાને મદદરૂપ બનશો. જીવનસાથી મિત્રો સાથે તીર્થયાત્રા થાય. ધાર્મિક સાહિત્ય, પ્રવાસ, શિક્ષણના કામમાં તક મળે. અચાનક નવી તકથી આર્થિક પ્રગતિના રસ્તા ખૂલે. ઉપરી વર્ગ સાથે તાલમેળ વધે. સ્ત્રી વર્ગનો સાથ મળે. નોકરીમાં પ્રમોશન થાય. પ્રેમમાં વિવાદ થાય. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. સમાજસેવાથી શાંતિ મળે.

પ્રિયંકા ગાંધી

જન્મજાત રાજકારણી હોવા છતાં આજ સુધી ચૂંટણી ન લડવાનું કારણ અને અચાનક લોકસભાની ચૂંટણી લડવાનું કારણ શું હોઈ શકે? પ્રિયંકા ગાંધીની પ્રાપ્ત કુંડલી મિથુન લગ્ન અને મેષ નવમાંશની છે. 1997ની ફેબ્રુઆરીમાં તેમના લગ્ન થયાં અને તેમની રાજકીય ક્ષેત્રની યાત્રાના રસ્તા બંધ થયા. ત્યારે લગ્નેશ અને યોથાના માલિક બુધની મહા દશામાં આઠ અને નવમાના માલિક શનિ કે જેની ત્રીજી દૃષ્ટિ કર્ક રાશિ અને કુટુંબસ્થાનમાં રહેલ રાહુ પર છે. ગાંધી પરિવારનાં સભ્યો માટે કર્ક-સિંહ રાશિના શનિ-શુક્રનો સંબંધ ઊડીને આંખે વળગે છે જે વિવાહિત જીવન માટે શુભ નથી. વિવાહ સમય સાતમે રહેલ સપ્તમેશ ગુરુની યુતિ અંતર દશા ઓક્ટોબર 1996થી માર્ચ 1997 સુધીની હતી. ગુરુ સાતમે સ્વગ્રહી છે અને કેન્દ્રાધિપતિ દોષથી પીડિત છે માટે પ્રિયંકા ગાંધીની એક રાજકારણી તરીકેની પહેચાન અંધકારમાં ધકેલાઈ ગઈ. તેમનું સાતમું સ્થાન પીડિત છે. માટે જ તેમનું લગ્નજીવન વિવાદિત અને પ્રતિષ્ઠાને હાનિકારક રહ્યું છે. સૌથી મોટું કારણ પ્રથમ આ જ છે. તેમની રાજકારણ યાત્રામાં અવરોધક તે પછી 1997 થી 2004 સુધીની કર્ક રાશિનો કુટુંબસ્થાનમાં રહેલ કેતુની મહાદશા જે નવમાંશમાં સાતમે ચંદ્ર-શુક્ર સાથે છે. જે જાહેર જીવનને અસર કરતા યોગ છે. કારણકે રાજકારણમાં પ્રવેશવા માટે બીજી અને દસમાના માલિકની શુભ સ્થિતિ હોવી જોઈએ. બીજાનો માલિક ચંદ્ર છઠ્ઠે નીચનો છે અને શનિ સાથે વિષયોગથી પીડિત છે. દસમાનો માલિક ગુરુ સાતમે કેન્દ્રાધિપતિ દોષથી પીડિત છે જે જાહેર જનતાના મનમાં વિશ્વાસ પેદા કરવામાં અવરોધક છે. આ એક અશુભ યોગ છે. બીજાનો માલિક ચંદ્ર દસમાના માલિક ગુરુથી બારમે છે. જે શકટ નામનો અશુભ યોગ કરે છે. જેના કારણ પ્રિયંકા ગાંધી રાજકારણમાં અટવાતાં હોવા અને સક્રિય થયા પછી પણ તક ઓછી મળી અને 2004થી 2024 માર્ચ સુધીની શુક્રની મહાદશા તેમના માટે ઘણી જ કસોટીજનક અને તકો એમ બે રીતે મહત્ત્વની રહી. શુક્ર પાંચ અને બારનો માલિક થઈને ભાગ્યના કુંભ રાશિમાં બારમે વૃષભ રાશિમાં રહેલ શનિ સાથે પરિવર્તન યોગ કરીને અશુભ કે નિર્બળ બને છે. આ એક દૈન્ય પ્રકારનો અશુભ યોગ કરે છે. આ યોગ સાત શત્રુઓથી પીડિત રાખનાર છે. આ જ સમય 2011 થી 2020 જાન્યુઆરી દરમિયાન સાડા સાતીનો પ્રભાવ પણ પરેશાન કરનાર હતો. પણ 2024 માર્ચથી 2030 માર્ચ સુધીની ત્રીજાના માલિક સૂર્યની મહાદશા તેમના માટે નવજીવન પેદા કરનાર શરૂ થઈ છે. સૂર્ય પોતાના સ્થાનથી પાંચમે એટલે કે જનતાના પ્રેમમાં સ્થાન સાતમાં લગ્નેશ અને કર્મેશ તથા સપ્તમેશ સાથે યુતિમાં શુભ બને છે. સાતમું સ્થાન જનતાની ભાગીદારીનું છે. લોકસભાની ચૂંટણીમાં લડવા અને જીતીને લોકસભામાં જવા માટે પ્રથમ જે વર્તમાન અને જે તે જાતકનું ખુદની હયાતી કે વર્તમાન સ્થિતિમાં શું પરિસ્થિતિ છે તેનું નિદર્શન કરે છે. ચોથું સ્થાન જનસામાન્ય લોકોનું છે. આ બંનેનો સ્વામી બુધ સાતમે- ગુરુ સૂર્ય સાથે રહીને દેહભુવન પર દૃષ્ટિ કરે છે. લોકસભામાં જવા માટે દસમું સ્થાન ઘણું જ મહત્ત્વનું છે. ત્યાં મંગળ છે. આ સ્થાન લોકોની સેવાનું છે. અહીં મંગળ નિર્ભય અને પ્રામાણિકતાથી લોકોની સેવા સાથે જોડે છે અને લાભસ્થાનનો માલિક પણ મંગળ છે. જે લાભનું સ્થાન છે. ચાર, પ્રથમ, નવમ, દસમ અને એકાદશમ ભાવની સ્થિતિ લોકસભામાં જઈ જનાર બને છે. ભાગ્યમાં પંચમેશ શુક્ર એક રાજયોગ કરે છે. અહીં ભાગ્યને બળ આપે છે તેમજ કોઈ દૈવી શક્તિના આશીર્વાદ આપે છે. શુક્ર દૈન્યયોગ અને શનિની દૃષ્ટિના કારણે નિર્બળ જરૂર બને છે પણ ભવિષ્યને બળ આપનાર છે. પ્રિયંકા ગાંધીની કુંડલીમાં સૂર્ય, બુધ અને ગુરુની સ્થિતિ શુભ છે. જે વિવાહિત જીવન માટે શુભ નથી પણ જાહેર જીવન તથા સરકાર કે સત્તામાં સામીલ થવા અથવા લોકસભામાં લઈ જવા માટે શુભ બને છે. પ્રિયંકા ગાંધીની કુંડલીમાં લગ્નેશ બુધની સ્થિતિ ઘણી જ સારી છે. નવમાંશમાં પણ બુધ ત્રીજે સ્વગ્રહી છે. મંગળ-સૂર્યની દૃષ્ટિમાં જે તેજ અને સ્પષ્ટ ભાષા અને આધુનિક વિચાર અને જાણકારીથી સજ્જ રાખે છે. રાજકારણમાં નિડરતા અને સફળતા આપનાર ગ્રહ મંગળ છે. મંગળની સ્થિતિ પ્રિયંકા ગાંધીની કુંડલીમાં શુભ છે. જો કે લગ્નેશ સાથે ખાસ મેળ ન હોવા છતાં દસમ ભાવનો મંગળ શુભ માનવામાં આવે છે. આ સ્થાન સત્તાનું છે. હાલમાં ગોચરનો રાહુ મંગળ પરથી ભ્રમણ કરે છે. દસમ સ્થાનમાં પાપગ્રહ બળવાન માનવામાં આવે છે. મંગળ રાહુની યુતિ લગભગ જન્મના રાહુના અંશની આસપાસ છે. જે નવા પરિવર્તનના યોગ કરે છે. જૂન -2024થી ડિસેમ્બર 2024 સુધી સૂર્યમાં ચંદ્રની અંતર દશા છે. ચંદ્ર પોતાના સ્થાનથી પાંચમે એટલે કે છઠ્ઠે અને સૂર્યથી બારમે છે અને ગોચરના ગુરુ શનિ રાહુની દૃષ્ટિમાં ખૂબ જ સક્રિય છે. છઠ્ઠું સ્થાન કાયમ જાગૃત રહેનાર છે. તેનો માલિક મંગળ બળવાન છે. માટે પ્રિયંકા ગાંધી વાયનાડમાંથી લોક સભામાં પ્રવેશ કરશે.

અમેરિકાના પ્રેસિડેન્ટ પદે ટ્રમ્પના વિજયના પગલે હવે સુરતના હિરા ઉદ્યોગને તેજીની આશા



અમેરિકામાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં સત્તા પલ્ટો થવા સાથે રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પનો વિજય થતાની સાથે હવે સુરતના હિરા ઉદ્યોગને તેજીની આશા બંધાઈ છે. સુરતના જ્વેલરી અને ડાયમંડ ઉદ્યોગ માટે અમેરિકામાં સત્તા પલ્ટો મહત્વનો પુરવાર થશે.સુરતના ડાયમંડ ઉદ્યોગના નિકાસકારોનું માનવું છે કે અમેરિકામાં સત્તા પરિવર્તન સાથે ભારતને વેપાર ધંધામાં ખૂબ મોટો લાભ થવાની શક્યતા છે કારણ કે ભારતની અમેરિકા સાથેની જે વિદેશ નીતિ છે તે ખૂબ સારી છે અને ઉદ્યોગ અને વેગ મળે તે પ્રકારની છે.હવે ફરી એક વખત ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા છે ત્યારે ત્યાંના સ્થાનિક પ્રજાજનોને પણ એવું લાગે છે કે ઉદ્યોગોને આગળ વધવા માટેની નવી તકો ઉભી થશે. ડોનાલ્ડ ટ્રમ્પના શાસનમાં આવ્યા બાદ ઉદ્યોગ નીતિમાં ચોક્કસ ફેરફાર થશે અને હાલ જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ બહુમતીથી સરકાર બનાવી રહ્યા છે ત્યારે સ્વાભાવિક છે કે આગામી દિવસોમાં તેની સારી અસર દેખાશે અને સુરતના જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગને પણ ખૂબ મોટો લાભ મળશે.ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. દિવાળીના ખાસ અવસર પર ટ્રમ્પે સોશિયલ મીડિયા સાઇટ X પર પોસ્ટ કરીને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના મિત્ર ગણાવ્યા હતા. જ્યારે તેની સરકાર સત્તામાં આવશે ત્યારે તેણે બંને દેશો વચ્ચેની ભાગીદારીને વધુ આગળ વધારવાનું વચન પણ આપ્યું છે.

ધારાસભ્ય જીતુ વાઘાણીનું સંબોધન કરાતા CM ભુપેન્દ્ર દાદા કેમ પેટ પકડીને હસ્યા?



'એકાદું મંદિર ઓછું બનશે તો ચાલશે પરંતુ શિક્ષણનું મંદિર બનતું હશે તો અમારો પુરતો સહયોગ રહેશે'

તાજેતરમાં CM ભુપેન્દ્ર પટેલ ભાવનગર જિલ્લાની મુલાકાતે પહોંચ્યા હતાં . અહીં તેમણે ભાવનગરમાં કોબડી ગામે પહોંચેલા ગૌધામ ગૌ-ગોષ્ટિ સમારોહનાં કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન સમારંભના પ્રવક્તા જ્યારે રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી અને ધારાસભ્ય જીતુ વાઘાણીનો પરિચય આપી રહ્યા હતા ત્યારે CM ભૂપેન્દ્ર પટેલ ખડખડાટ હસી પડયા હતા. મળતી જાણકારી મુજબ આયોજક દ્વારા રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી અને ધારાસભ્ય જીતુ વાઘાણીનું કાર્યક્રમમાં સંબોધન કરાતા મુખ્યમંત્રી હસી પડ્યા હતા. આયોજક દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે ' જીતુભાઈ વાઘાણીની અટક (સરનેમ) મને ખૂબ ગમે છે જેમણે આજ દિન સુધી કોઈની ઘાણી નથી કરી તેવા જીતુભાઈ વાઘાણી સંબોધન માટે આવે' આ વાત કહેતા જ રાજ્યના મુખ્યમંત્રી સ્ટેજ પર જ ખડખડાટ હસી પડ્યા હતા. આ વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

વાવ બેઠકના ત્રિપાંખીયા જંગમાં કોણ બાજી મારશે?



2022ની વિધાનસભાની ચૂંટણી પર કોંગ્રેસના લડાયક મહિલા નેતા ગેનીબેન ઠાકોરનો 15 હજાર કરતા વધુ મતોથી વિજય થયો હતો. જો કે 2024માં ગેનીબેનનો બનાસકાંઠા લોકસભા બેઠક પરથી વિજયી થતા વાવ બેઠક ખાલી રહી , જેના પગલે આગામી તા.13મી નવે.ના રોજ વાવ બેઠક પર પેટાચૂંટણી માટે મતદાન યોજાનાર છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા આ બેઠક પર વિજય મેળવવા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહયું છે. ત્રિપાંખીયા જંગમાં કોણ બાજી મારશે , તેની બનાસકાંઠામાં ચર્ચા ચાલી રહી છે. આ વખતે ભાજપે પોતાના ચૂંટણી હારી ચૂકેલા ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરને પુનઃટિકીટ આપી છે. જયારે કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતને ટિકીટ આપી છે. જયારે ભાજપના જ નારાજ અગ્રણી માવજી પટેલે પણ અપક્ષ ઉમેદવારી કરી છે. પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી આર પાટીલ પણ તાજેતરમાં વાવની મુલાકાતે જઈને ભાજપની રણનીતિને આખરી ઓપ આપી આવ્યા છે. જયારે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ તથા ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક પણ વાવમાં પ્રચાર કરી આવ્યા છે. જોકે અપક્ષ ઉમેદવાર માવજી પટેલ અંગે પાટીલે કહ્યું હતું કે ગમે તે ઉમેદવારને ઉભા રહેવા મરજીની વાત છે, જંગ ત્રિપાંખિયા ચોપાંખિયો પણ હોઈ શકે છે. જે પણ ઉભા હોય એ એમની મરજીની વાત છે.બીજી તરફ ભાજપના પૂર્વ સાંસદ પરબત પટેલે કહયું હતું કે ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ વચ્ચે ત્રીપાંખીયો જંગ છે. અપક્ષ છે એટલે અમારે થોડું મથવું પડશે.. બાકી જો અપક્ષ ન હોત તો અમે વગર મહેનતે જીતેલા હતા.હવે થોડું મથવું પડશે. બાકી ભાજપના સ્વરૂપજી ઠાકોર જંગી બહુમતીથી જીતશે તેમાં શંકાને સ્થાન નથી. અપક્ષ ઉમેદવાર માવજીભાઈ પટેલ ભાજપના વોટ તોડશે એટલે અમારે વધારે મહેનત કરવી પડશે.

અમરેલીમાં નસીબદાર કારને ઉત્સવ ઉજવીને 10 ફૂટ ઊંડો ખાડો ખોદીને સમાધી અપાઈ!

તમે સંતો અને ઋષિમુનિજનોની સમાધિ લેવાના સમાચાર તો ઘણા સાંભળ્યા હશે, પરંતુ શું તમે કારે સમાધિ લેતી વિશે ક્યારેય સાંભળ્યુ છે ખરા ? ગુજરાતમાં સોશ્યલ મીડિયા પર એક વીડિયો જબરો વાયરલ થયો છે, જેમાં ગુજરાતના એક પરિવારે તેમની લાડલી અને લકી કારના અંતિમ સંસ્કાર કર્યા છે. આ અનોખો કિસ્સો અમરેલી, ગુજરાતનો છે, જ્યાં એક પરિવારે 10 ફૂટ ઊંડો ખાડો ખોદીને તેમની નસીબદાર કારને દફનાવી દીધી. આ સમગ્ર કાર્યક્રમ પાછળ અંદાજિત 4 લાખ ખર્ચ પણ કર્યો, અને 1500 લોકોનો જમણવાર કરવામાં આવ્યો હતો. અમરેલીના લાઠીના પાડરસિંગા ગામે ખેડૂત સંજય પોલરાએ પોતાની વેગન આર કારને આખી દુનિયા જોતી રહી જાય તેવી સમાધિ આપી હતી. કાર લીધા પછી આર્થિક પરિસ્થિતિ સુધરતા અને પ્રગતિ થતા તેમનો

જીવ આ કારને વેચવાનો કે છોડવાનો ન ચાલ્યો. પોતાની વાડીમાં સાધુ સંતો અને મોટી સંખ્યામાં ગ્રામ્યજનોની ઉપસ્થિતમાં કારને સમાધિ આપી હતી. આ પ્રસંગે ગામ ધુમાડા બંધ અને મોટી સંખ્યા જમણવાર યોજાયું. ભાગ્યશાળી કારની યાદગીરી રહે તે માટે આ સ્થળે વૃક્ષારોપણ કરવામાં આવનાર છે.

કેમ કેટલાંક PI DYSP તરીકે નવું પોસ્ટિંગ મેળવવા માંગતા નથી?

રાજ્યમાં 60 PIને DYSP તરીકે બઢતી મળી છે, જેમાંથી 36 નવા SDPO પણ નીમાશે, તેની કાર્યવાહી ચાલી રહી છે. દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને સુરત જિલ્લામાં SDPO- માંડવી , SDPO વાંસદા ,SDPO ધરમપુર, SDPO દહેજ અને SDPO ઝઘડિયાની નિમણૂંક કરાશે. જો કે કેટલાંક મલાઈદાર પોસ્ટિંગ ધરાવતા PIને હવે DYSP તરીકે બઢતી લેવી નથી, કારણ કે અત્યારે સારી એવી પ્રસાદી કોઈ મોટી મહેનત વગર મળી રહી છે, એટલે ઠપકા સાથે નાની મોટી સજા સામેથી વહોરી લીધી છે, જેના કારણે તેઓનો DYSP તરીકે નવી જગ્યાએ પોસ્ટિંગનો ઓર્ડર થશે જ નહીં.સુરતમાં પણ આવા કેટલાંક PI છે, જેમણે મલાઈદાર પોસ્ટિંગના કારણે સામેથી ઠપકો મેળવીને સજા લઈ લીધી છે, એટલે તેમનો DYSP તરીકે પોસ્ટિંગનો ઓર્ડર આવશે નહીં. આવા રાજયભરમાં ઘણા બધા PI છે, જેમનું નામ નવા પોસ્ટિંગમાં નીકળી જવાનું છે. આ મુદ્દે રાજયભરમાં પોલીસ બેડામાં જોરદાર ચર્ચા ચાલી રહી છે.

અનુસંધાન ... પાના પહેલાનું

પ્રથમ દિવસે ટ્રમ્પની...

સંભાળ્યો, ત્યારે તેમની પાસે એક લાંબી યાદી પણ હતી, જેમાં તરત જ વેપાર સોદાઓની પુનઃ વાટાઘાટો, સ્થળાંતર કરનારાઓનો દેશનિકાલ કરવો અને સરકારી ભ્રષ્ટાચારને જડમૂળથી દૂર કરવા માટેના પગલાં લેવાનું સામેલ છે. તે બધી બાબતો પર એક જ સમયે કાર્યવાહી કરાઈ ન હતી. ટ્રમ્પે જે કહ્યું હતું કે તેઓ તેમના બીજા કાર્યકાળમાં શું કરશે અને તે વ્હાઇટ હાઉસમાં પ્રવેશ કરે તે ક્ષણે તેઓ તે કરી શકે છે કે કેમ તેના પર એક નજર નાંખીએ: તેમના મોટાભાગના ફોજદારી કેસો દૂર કરશે (ઓછામાં ઓછા કેન્દ્રીય બાબતો પરના કેસો તો તેઓ દૂર કરશે). ટ્રમ્પે કહ્યું છે કે પદ સંભાળ્યાના બે સેકન્ડની અંદર તેઓ જેક સ્મિથને બરતરફ કરશે, જેઓ તેમની વિરુદ્ધ બે કેન્દ્રીય કેસ ચલાવી રહ્યા છે. વિભાગની નીતિ જે કહે છે કે વર્તમાન પ્રમુખ પર કાર્યવાહી થઈ શકતી નથી તેના કારણે સ્મિથ આ કેસોને બંધ કેવી રીતે કરવા તે અંગે આકલન કરી રહ્યા છે.

કિશ્તવાડમાં ત્રાસવાદીઓ...

11 વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી જ્યારે સૈન્ય અને પોલીસની સંયુક્ત સર્ચ પાર્ટીઓએ કેશવાન જંગલમાં ત્રાસવાદીઓને અટકાવ્યા હતા, અહીંથી થોડાક કિલોમીટર દૂર વીડીજી નઝીર અહમદ અને કુલદીપ કુમારના ગોળીઓથી વિંધાયેલા મૃતદેહો મળી આવ્યા હતા. ત્રાસવાદીઓએ વીડીજીનું અપહરણ કરીને તેમની હત્યા કર્યા બાદ ગુરુવારે સાંજે કુંટવારા અને કેશવાનના જંગલોમાં મોટાપાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સેનાના જમ્મુ સ્થિત વ્હાઇટ નાઈટ કોર્પ્સે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'ત્રાસવાદીઓની હાજરી અંગે ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળો દ્વારા સામાન્ય વિસ્તાર ભરત રિજ, કિશ્તવાડમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ એ જ જૂથ હતો જેણે 2 નિર્દોષ ગામ સંરક્ષણ રક્ષકોનું અપહરણ અને તેમની હત્યા કરી હતી.' જેસીઓ સહિત ચાર જવાનો પ્રારંભિક ગોળીબારમાં ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમાંથી ત્રણની સ્થિતિ 'ગંભીર' હોવાનું જણાવવામાં આવ્યું હતું. બાદમાં સારવાર દરમિયાન જેસીઓનું મૃત્યુ થયું હતું. છેલ્લા અહેવાલ મળ્યા ત્યાં સુધી તે વિસ્તારમાં ભારે શોધ અભિયાન ચાલું હતું.

આજે જસ્ટિસ...

નિમણૂકને સત્તાવાર રીતે સૂચિત કરી હતી. શુક્રવારે સીજેઆઈ તરીકે જસ્ટિસ ચંદ્રચૂડનો છેલ્લો કાર્યકારી દિવસ હતો અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો, વકીલો અને સુપ્રીમ કોર્ટના સ્ટાફ દ્વારા તેમને ઉત્સાહપૂર્ણ વિદાય આપવામાં આવી હતી. જાન્યુઆરી 2019થી સુપ્રીમ કોર્ટના જજ તરીકે ફરજ બજાવતા જસ્ટિસ ખન્ના, ઈવીએમની વિશ્વસનીયતા જાળવી રાખવા, ચૂંટણી બોન્ડ સ્કીમને રદ કરવા, કલમ 370 નાબૂદ કરવા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપવા જેવા અનેક સીમાચિહ્નરૂપ ચુકાદાઓનો ભાગ રહ્યા છે. દિલ્હી સ્થિત એક પ્રતિષ્ઠિત પરિવારમાંથી આવતા જસ્ટિસ ખન્ના દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ દેવ રાજ ખન્નાના પુત્ર અને સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ જસ્ટિસ એચ આર ખન્નાના ભત્રીજા છે. જસ્ટિસ સંજીવ ખન્ના, જેઓ 18 જાન્યુઆરી, 2019ના રોજ સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમાયા હતા, તેઓ હાઈકોર્ટના જજ તરીકે નિયુક્ત થયા પહેલા ત્રીજી પેઢીના વકીલ હતા. તેઓ પડતર કેસ ઘટાડવા અને ઝડપથી ન્યાય આપવામાં વિશ્વાસ રાખે છે.

શ્રીનગર નજીક...

વિસ્તારમાં બેથી ત્રણ આતંકવાદીઓ જોવા મળ્યા હોવાની પુષ્ટિ થઈ છે. મધ્ય કાશ્મીરના ડીઆઈજી રાજીવ પાંડેએ જણાવ્યું હતું કે, ''જોકે, મુશ્કેલ વિસ્તાર હોવાને કારણે આતંકવાદીઓનું ચોક્કસ સ્થાન જાણી શકાયું નથી. આતંકવાદીઓએ અમારા સૈનિકો પર પણ ગોળીબાર કર્યો હતો. ઘેરાબંધી સઘન કરવામાં આવી છે અને અમે આશા રાખીએ છીએ કે આતંકવાદીઓને ટ્રેક કરીને તેને ઠાર કરવામાં આવશે.''

ટ્રમ્પે એરિઝોનામાં...

ઉપપ્રમુખ હેરિસની આ ટેલી ૨૨૬ છે. એરિઝોના પાસે ૧૧ ઇલેકટોરલ કોલેજ વોટ્સ છે. રિપબ્લિકન પાર્ટીએ સેનેટ પર કાબૂ ફરી મેળવી લીધો છે અને સંસદના બીજા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝમાં બહુમતિ જાળવી રાખવા સજ્જ છે. હાલમાં સેનેટમાં રિપબ્લિકનોની બાવન બેઠકો છે જ્યારે ડેમોક્રેટો પાસે ૪૭ બેઠકો છે. અત્રે ઉલ્લેખનીય છે કે બિલ ક્લિન્ટને ૧૯૯૬મા